અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કૂલ રૂ.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૪૨૨૯૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૦૮/૦૭/૨૦૨૦

વંચાણમાં લીધા:-

૧. નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર નો તા.૦૩/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અજાક/મ-૬/૨૦૨૦/૨૧૭૦-૨૧૭૧

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કૂલ રૂ.૨૫૦૦.૦૦ લાખ અંગેની નવી બાબતને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ, જે અંગેની અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આ વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નીચે મુજબના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કૂલ રૂ.૨૫૦૦.૦૦ લાખ પેટે જે-તે નિગમની સામે દર્શાવ્યા મુજબની રકમ નીચેની શરતોને આધિન ફાળવવા અંગેની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્રમ | નિગમ | લોનની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ |
| ૨ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) | ૫૦૦.૦૦ |
| ૩ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ |
| કુલ | | ૨૫૦૦.૦૦ |

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરાવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ યોજનાઓ અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

૧૨. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિકની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૩. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૧૪. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૫. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવુ નહિં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

૧૬. ઉપર્યુક્ત લોનની રકમની નિગમ દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઈ અને વ્યાજના દર અને તે અંગેની ચુકવણીની વિગતો તૈયાર કરી નાણાં વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

૧૭. આ ગ્રાન્ટનો ખર્ચ જે યોજના પાછળ કરવાનો હોય તે યોજનાઓની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

૧૮. <u>નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ ના ઠરાવથી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.</u>

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.